રૂપિયા 75 લાખના તોડનો મામલો ગરમાયો

ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ ભાજપને અલ્ટીમેટમ આપ્યું

તમારે ગભરાવાની જરૂર નથી, ચૈતર વસાવાને એક પણ રૂપિયો આપશો નહીં? ચૈતર વસાવા

(પ્રતિનિધી) ભરૂચ, દેડિયાપાડા તા.25

ભરૂચ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કઠિત તંત્ર અને MLA ચૈતર વસાવા દ્વારા પૈસાની મોટી માંગનાં વિવાદિત અવઢવ બાબતે ન્યાય ન મળે તો ભાજપ પાર્ટી છોડવાની ચીમકી ઉચ્ચારી દીધી છે.આ મુદ્દે MLA ચૈતર વસાવાએ રૂપિયા માંગ્યાનો આરોપ કલેક્ટરે નકારતા મનસુખ વસાવા નારાજગી ઉભી થઈ છે.MP મનસુખ વસાવાએ કહ્યું હતું કે અધિકારીઓ અને સરકાર માટે ખોટા લોકો સામે લડું છું. તેમણે આરોપ લગાવ્યો હતો કે કલેક્ટર ચૈતર વસાવા સાથે મળી ગયા છે. સરકાર ન્યાય નહીં અપાવે તો હું ભાજપ છોડી દઈશ.કલેક્ટર ચૈતર વસાવાને બચાવી રહ્યા છે.શુક્રવારે કલેક્ટરને રૂબરૂ મળવા જવાનો છું.

MP મનસુખ વસાવાએ કહ્યું હતું કે ચૈતર વસાવાએ 75 લાખ માંગ્યા હોવાની રજૂઆત જિલ્લા કલેક્ટરે મને નર્મદા જિલ્લા પ્રમુખની સામે કરી હતી. હવે આજે જિલ્લા કલેક્ટર એમની સામે ના પાડે એટલે એ એમની સાથે મળી ગયા છે. સરકાર મારી સાથે ન્યાય નહિ કરે તો હું ભારતીય જનતા પાર્ટી છોડી દઈશ.હું અધિકારીઓ અને સરકાર માટે લડી રહ્યો છું અને આવા ખોટા લોકોની સામે એક્શન લેવા જોઈએ પણ એને બચાવી રહ્યા છે.હું આવતીકાલે કલેક્ટર નર્મદાને રૂબરૂ મળવા જવાનો છું અને પૂછીશ કે તમે અમારી હાજરીમાં તો કહ્યું હતું પછી કેમ ફરી ગયા...!!! આ મામલે ચૈતર વસાવાએ કહ્યું હતું કે વાત ખોટી હોવાનો કલેક્ટરે ખુલાસો કર્યો છે. મનસુખ વસાવા પાયાવિહોણા આરોપો લગાવે છે. મને બદનામ કરવાનો પ્રયાસ છે. ખોટા આરોપ લગાવશે તો કાયદેસરની કાર્યવાહી કરીશું.

ઉલ્લેખનીય છે કે બુધવારે જ્યારે ચૈતર વસાવાએ કલેક્ટરને મળીને આ બાબતે સ્પષ્ટતા માંગી ત્યારે કલેક્ટરે આવી કોઈપણ માંગણી થઈ હોવાનો ઈનકાર કર્યો હતો. કલેક્ટરના આ જવાબથી સાંસદ મનસુખ વસાવા લાલચોળ થઈ ગયા છે.

જો કે આ મુદ્દે અગાઉ સાંસદ મનસુખ વસાવાએ જાહેરમાં આક્ષેપ કર્યો હતો કે, AAP ધારાસભ્ય ચૈતર વસાવા સરકારી અધિકારીઓ પર દબાણ બનાવી રહ્યા છે. મનસુખ વસાવાએ વધુમાં કહ્યું હતું કે,ચૈતર વસાવાએ R|B વિભાગના અધિકારીઓ પાસે સરકારી કામો અને ગ્રાન્ટની માહિતી માંગી હતી. સાંસદનો આરોપ છે કે ચૈતર વસાવા પહેલા માહિતી માંગે છે અને ત્યારબાદ અધિકારીઓને ડરાવીને 'તોડપાણી' કરવાનો પ્રયાસ કરે છે.ચૈતર વસાવાએ માર્ગ મકાન વિભાગના અધિકારી પાસે 75 લાખની માંગણી કરી હતી. આ વાતનો ખુલાસો કરતા સાંસદે કહ્યું કે, ₹આ કોઈ હવામાં કરેલી વાત નથી. ખુદ જિલ્લા કલેકટરે મને અને જિલ્લા ભાજપ પ્રમુખની હાજરીમાં આ વાત કરી છે. કલેક્ટર જેવી જવાબદાર વ્યક્તિ ક્યારેય ખોટું ન બોલે."તેમણે અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, તમારે ગભરાવાની જરૂર નથી. ચૈતર વસાવાને એક પણ રૂપિયો આપશો નહીં.₹

મધ્ય ગુજરાત સહિત રાજ્યની રાજનીતિમાં ગરમાવો

વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે રાજીનામું કેમ આપ્યું?

પૂરતો સમય આપી શકતા ન હોવાનો કારણ દર્શાવી તેમણે રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળ્યું?

આ નિર્ણયથી ગાંધીનગર સહિત રાજ્યભરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો દોર શરૂ

(પ્રતિનિધી) વડોદરા તા.25

શહેરાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે પોતાના પદ પરથી અચાનક રાજીનામું આપતાં મધ્ય ગુજરાત સહિત રાજ્યની રાજનીતિમાં ભારે ચર્ચા જાગી છે. અન્ય હોદ્દાઓની વધતી જવાબદારીઓને કારણે ઉપાધ્યક્ષ પદ માટે પૂરતો સમય આપી શકતા ન હોવાનો કારણ દર્શાવી તેમણે રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ જેઠાભાઈ ભરવાડે જણાવ્યું છે કે રાજકીય તેમજ સામાજિક જવાબદારીઓના ભારને કારણે ઉપાધ્યક્ષ તરીકેની ફરજ યોગ્ય રીતે નિભાવવી મુશ્કેલ બની હતી. આથી તેમણે સ્વેચ્છાએ આ મહત્વના પદ પરથી અલગ થવાનો નિર્ણય લીધો છે. તેમના આ નિર્ણયથી ગાંધીનગર સહિત રાજ્યભરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો દોર શરૂ થયો છે.વિધાનસભા અધ્યક્ષ શંકરચૌધરીના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા સંગઠનના અન્ય આગેવાનોની હાજરીમાં જેઠાભાઈ ભરવાડે રાજીનામું સુપરત કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઉપાધ્યક્ષના રાજીનામા બાદ હવે આ મહત્વના પદ માટે આગામી સમયમાં નવી નિમણૂક કોને મળશે તે મુદ્દે રાજકીય અટકળો તેજ બની છે. જેઠાભાઈ ભરવાડના અચાનક રાજીનામાએ રાજ્યની રાજનીતિમાં નવો ગરમાવો લાવી દીધો છે.

આંકલાવ આંબલી રોડ પર બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

(પ્રતિનિધી) આંકલાવ તા.25

આંકલાવથી આંબલી રોડ પર ધુમ સ્પીડે જતો બાઇક ચાલક સ્લીપ ખાઈ ગયો હતો.અને અકસ્માતે કાળનો કોળીયો બની ગયો હતો.જે અંગે આંકલાવ પોલીસે ફરીયાદ નોંધી હતી. કોઠીયાખાંડ આંબલા સીમ વિસ્તારમાં રહેતા અશોકભાઈ છત્રસિંહ પઢિયાર તા.19-12-2025ના રોજ તેમની સાસરી ભેટાસી તળપદ જવા બાઇક લઈને નીકળ્યાં હતા.જે દરમિયાન આંકલાવથી આંબલી જવાના રોડ પર રૂપણી માતાજીના મંદિર નજીક પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી પસાર થતુ બાઇક સ્લીપ ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો.જેને લઈને બાઇક ચાલક અશોકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી.. તે સ્થિતિમાં કોઈ વટેમાર્ગુએ તેમને સારવાર અર્થે આંકલાવ સરકારી દવાખાને પહોચાડયા હતા.જો કે ત્યાંથી વધુ સારવાર અર્થે તેમને કિંખલોડ નવજીવન હોસપિટલ ,વડોદરા ગોત્રી હોસ્પિટલ અને પછીથી એસએસજી હોસ્પિટલ વડોદરા ખાતે ખસેડાયા હતા.જયા સારવાર દરમિયાન અશોકભાઈ છત્રસિંહ પઢિયાર ઉ.વ.50નું કરૂણ મોત થયુ હતુ.જે અંગે મૃતકના પિતરાઈ ભાઈ રંગીતભાઈ પઢીયારે મોટરસાયકલ નં.જીજે23બીએ3362ના ચાલક અશોકભાઈ છત્રસિંહ પઢિયાર સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

સુશાસન દિવસે આયોજિત રાજ્યકક્ષાનો કાર્યક્રમ

ઓનલાઈન સહભાગી થતા વડોદરા જિલ્લા વહીવટી તંત્ર

વડોદરા જિલ્લાએ કાર્યક્ષમ, પારદર્શક અને જનકેન્દ્રિત શાસન પ્રણાલીને વધુ સશક્ત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.25

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિના અવસર પર ૨૫મી ડિસેમ્બરને "સુશાસન દિવસ" તરીકે ઉજવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન કાર્યક્રમમાં કલેક્ટર કચેરી, વડોદરાના સભાખંડ ખાતેથી જિલ્લાના અધિકારીઓ ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા સહિત નિવાસી અધીક કલેક્ટર તેમજ જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુશાસન, પારદર્શક વહીવટ, જનકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલ તથા જનસેવા સંબંધિત મુદ્દાઓ અંગે મુખ્યમંત્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુશાસન દિવસના અવસરે વડોદરા જિલ્લાએ રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર કાર્યક્ષમ, પારદર્શક અને જનકેન્દ્રિત શાસન પ્રણાલીને વધુ સશક્ત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પ્રતાપગંજ ખાતે તુલસીપૂજન દિવસની ઉજવણી કરાઈ

કેમ્પસમાં પરિવારજનો, યુનિવર્સિટીના અનેક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

(પ્રતિનિધી) વડોદરા તા.25

આજે તારીખ ૨૫-૧૨-૨૦૨૫ ગુરુવારના રોજ સંકટ મોચન હનુમાન મંદિર, ઓલ્ડ વિક્રમભાગ, એમ.એસ. યુનિવર્સિટી કેમ્પસ, પ્રતાપગંજ, વડોદરા ખાતે "તુલસીપૂજન દિવસ" હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ તુલસીપૂજન કાર્યક્રમમાં કેમ્પસના પરિવારજનો, યુનિવર્સિટીના અનેક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વૈદિકવિદ્વાન ડૉ. કપિલદેવ શાસ્ત્રી દ્વારા વૈદિક વિધિ-વિધાન અનુસાર તુલસીદેવીની ષોડશોપચાર પૂજા-અર્ચના કરવામાં આવી હતી તથા અંતે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના સંરક્ષણ તથા પ્રચાર માટે આ કાર્યક્રમ છેલ્લા ૧૦ વર્ષોથી સતત અને નિયમિત રીતે દર વર્ષે ₹૨૫ ડિસેમ્બરના દિવસે₹ આયોજિત કરવામાં આવે છે, જે આપણી સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિ માટે ગૌરવની બાબત છે. આ કાર્યક્રમ માં અલગ અલગ સંગઠન અને સમાજના આગેવાનો પણ જોડાયા હતા.

સીસોદરા ગામના ભાઠામાં ગેરકાયેદ રેતી ખનનની ચાલતી પ્રવૃત્તિ

(પ્રતિનિધિ) શિનોર, તા.25

વડોદરા જિલ્લાના નર્મદા કિનારે આવેલ શિનોર તાલુકા મથક ની સામે કિનારે આવેલ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામ ના ભાઠા માં આશરે 1 કિલોમીટર ના ભાઠા માંથી રેતી ખનન થતું હોય શિનોર સહીત તાલુકાના નર્મદા કિનારે આવેલ અતિ પૌરાણિક મંદિરો માટે ખતરા ની ઘંટી સમાન હોય શ્રદ્ધાળુઓમા ચર્ચાઓ સાથે મંદિરોની સામે થતું રેતી ખનન અટકાવવા માંગ ઉઠેલ છે.

વડોદરા જિલ્લાના છેક છેવાડે નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલ શિનોર તાલુકામાં ભંડારેશ્વર મહાદેવ, રોહિણીશ્વર મહાદેવ તથા કૃષ્ણેશ્વર મહાદેવ, સૌભાગ્ય સુંદરી માતાનુ મંદિર જેવા ઐતિહાસિક અને પૌરાણિક ધાર્મિક સ્થળો આવેલા છે. આ તમામ સ્થળો નર્મદા નદીના ભેખડો પર સ્થિત છે અને સામેના કિનારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાનું સીસોદરા ગામ આવેલું છે. નર્મદા નદીના આશરે એક કિલોમીટર લાંબા પટમાં રેતી લીઝ ધારકો દ્વારા આડેધડ અને બેફામ રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. આ રીતે રેતી કાઢવાથી નદીની કુદરતી ભૂસંરચનામાં ગંભીર ફેરફાર થવાની સંભાવના વધી છે, જેના કારણે શિનોર તાલુકાના આ તરફના નદી કિનારા પર આવેલા ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળોને પણ નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવમાં ઉમટી હજારોની મેદની

કલિયુગમાં સંગઠન જ સાચી શક્તિ છે : વૈષ્ણવાચાર્ય પૂ.વ્રજરાજકુમાર

(પ્રતિનિધી) વડોદરા, તા.25

ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અંતર્ગત૧૦૦૮ પોથી શ્રીમદ્ ભાગવત કથાના ચોથા દિવસે નંદ મહોત્સવના પ્રસંગે શ્રી વલ્લભ કુલભૂષણ પરમ પૂજ્ય વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ જણાવ્યું કે નંદ મહોત્સવ આનંદ અને ઉત્સાહનો મહાન ઉત્સવ છે.

કથાપ્રસંગ દરમિયાન વ્રજરાજજી મહોદયશ્રીએ જણાવ્યું કે કલિયુગમાં સંગઠન જ સાચી શક્તિ છે. ભલે વિચારો અલગ હોય, પરંતુ સમાજની સુરક્ષા અને સંરક્ષણ માટે સંગઠિત થવું અત્યંત જરૂરી છે.

ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ દ્વારા વૈષ્ણવ સંપ્રદાયના ઈતિહાસમાં એક નવો અધ્યાય રચાયો છે. આજના દિવસે કથામાં થોડું વિલંબ થયો હોવા છતાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવ જનોએ જે ધીરજ અને શિસ્ત જાળવી રાખી, તેના માટે શ્રી વ્રજરાજજી મહોદયશ્રીએ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

આજની કથામાં આ ઉપરાંત દ્વારકા પીઠના શંકરાચાર્યજીના આશીર્વચન પણ પ્રાપ્ત થયા, જે સમગ્ર સભા માટે ગૌરવપૂર્ણ ક્ષણ બની.સાથે વાકપતિપીઠાધીશ્વર મથુરેશ્વરજી મહારાજશ્રી અને યોગેશ્વરજી મહોદય ઉપસ્થિત રહ્યા હતા. વ્રજરાજજી મહોદયશ્રીએ જણાવ્યું કે યજમાને કથા બેસાડી નથી, પરંતુ કથાએ આપ સૌ યજમાન અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને બેસાડી છે.તેમણે વધુમાં કહ્યું કે સરકાર બદલાય ત્યારે ઘણી વખત અસુરત્વનો પ્રભાવ દેખાવા લાગે છે.

બ્રહ્માજી હરિ વિષ્ણુને કહે છે કે આપનું મુખ અગ્નિ સમાન તેજસ્વી છે. તેવી જ રીતે આપણા સૌના અંદર પણ જઠરાગ્નિ રહેલી છે. તેમણે સોરાષ્ટ્રના લોકોની જઠરાગ્નિની રમૂજી રીતે વાત કરતા કહ્યું કે રાત્રે ૧૨ વાગ્યે ગાંઠિયા-ચા અને આખો દિવસ છાશ – બધું સહેલાઈથી હજમ થઈ જાય છે.

તેમણે જણાવ્યું કે સમય આવે ત્યારે કાર્ય પૂર્ણ કરવા માટે ક્યારેક શત્રુ સાથે પણ સંધિ કરવી પડે છે. આજના સમયમાં શક્તિ સંગઠનમાં જ છે. VYOના કાર્યકર્તાઓએ ૫ કરોડ વૈષ્ણવોને સંગઠિત કરવાનો ઐતિહાસિક કાર્ય કરી બતાવ્યો છે, તે બદલ તેમણે સૌને અભિનંદન પાઠવ્યા. જીવનમાં સફળ થવા માટે તેમણે એક મહત્વપૂર્ણ સિદ્ધાંત આપ્યો –ન ડંવુ, ન બડવુ, ન લડવુ અને ન અડવુ. જો આપણે કોઈને ડંવીશું, તો કર્મના સિદ્ધાંત મુજબ આપણા કાર્યમાં પણ કોઈ ન કોઈ અવરોધ ઊભો થશે.

જો કોઈ સારા કાર્યમાં આપણે તન કે ધન આપી શકતા ન હોઈએ, તો મનથી શુભકામનાઓ તો આપી જ શકીએ.તેમણે કહ્યું કે ભગવાન ત્યાં છે જ્યાં પ્રેમ, ઉદારતા અને પરોપકાર છે.મનનો ભાવ સામેના વ્યક્તિને અસર કરે છે; જો આપણે કોઈ માટે ખરાબ ભાવ રાખીએ, તો અંતે દુઃખી આપણે જાતે જ થવાનું છે.

સોનાના દાગીના લઈ બે યુવકો ફરાર

દાહોદમાં પૂર્વ નગર પાલિકા પ્રમુખ સાથે ઠગાઈ



(પ્રતિનિધિ) દાહોદ તા.25

દાહોદ શહેરના પડાવ વિસ્તારમાં દૂધીમતી નદી કિનારે આવેલા શીતળા માતા મંદિર સામે રહેતા દાહોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિદ્યાબેન મોઢીયા સાથે ઠગાઈની ઘટના સામે આવી છે. મંદિરના નામે દાન કરાવવાની વાત કરી બે અજાણ્યા યુવકો તેમની પાસેથી સોનાના દાગીના લઈ ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ તારીખ ૨૫ ના રોજ સવારે અંદાજે ૧૦:૦૦ કલાકે બે યુવકો બાઈક પર આવી વિદ્યાબેન મોઢીયાના ઘરે પહોંચ્યા હતા. તેમણે મંદિર માટે દાન કરવાની વાત કરી પ્રથમ શીતળા માતા મંદિરમાં દર્શન કર્યા બાદ વિદ્યાબેનના ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ યુવકોએ ખિસ્સામાંથી રૂપિયાની ગડ્ડી કાઢી સોનાને અડાવવાથી પૈસા પવિત્ર થાય તેવી વાત કરી હતી.આ વાતમાં આવી જઈ વિદ્યાબેને પહેરેલી સોનાની કાનની બુટ્ટી અને ગળાની સોનાની ચેન અડાવવા આપતા એક યુવકે તેમના માથા પર હાથ મૂકી બંને દાગીના ઉતારી લીધા હતા અને બંને યુવકો તુરંત ફરાર થઈ ગયા હતા. બાદમાં દાગીના ન હોવાનો ખ્યાલ આવતા વિદ્યાબેને ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

હાથીખાનાની દુકાન પાસેથી બે ઘીની પેટીની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ભાયલી વિસ્તારમાં પ્રગતિ વિદ્યાલયની સામે આવેલા પ્રમુખવીલા બંગ્લોઝમાં ભુપેન્દ્રભાઇ ચીમનભાઇ પટેલ કારમાં ઘીની 45 નંગ પેટી મુકીને હાથીખાનમાં આવેલી પ્રભુલાલ એન્ડ સન્સ નામની દુકાને આપવા માટે ગયાં હતા. દુકાન આગળ કાર ઉભી રાખીને ઘાની 15તી 20 પેટીઓ ઉતારી હતી બે શખ્સ લઈને ચોરી કરી ફરાર થઈ ગયાં હતા. જેથી વેપારીએ ચોરીની ફરિયાદ સ્ટેશનમાં નોંધાવી છે.

દિવ્યા, મનોજ અને મેનેજર બનીને ઠગોએ સ્ટોક માર્કેટના સપનામાં ફસાવ્યો

બીરલા ગ્રાસીમના નિવૃત GM સાથે રૂ.1.17 કરોડની સાયબર લૂંટ

નકલી વેબસાઇટ, ખોટા ડિમેટ એકાઉન્ટ અને 509ટકા પ્રોફિટની લાલચમાં વૃધ્ધ આવી જતા અંતે કરોડો ઉડી ગયા!

(પ્રતિનિધી) ભરૂચ, તા.25

ભરૂચ શહેરમાં રહેતા બીરલા ગ્રાસીમના એક નિવૃત સિનિયર અધિકારી સાથે સ્ટોક માર્કેટમાં મોટું વળતર અપાવવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂા.1,17,00,401ની ભયાનક છેતરપિંડી કર્યાનો ગંભીર મામલો સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ભરૂચમાં નોંધાયો છે. વ્હોટસ એપ ગ્રૂપ, નકલી વેબસાઇટ, બનાવટી લેટરપેડ અને ખોટા ઇન્સ્ટીટયુશનલ એકાઉન્ટની જાળમાં ફસાવી કરોડોની રકમ અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવવાની સચોટ રીતે રચાયેલ મોટો સાઇબર ક્રાઇમ સામે આવ્યો છે. ફરિયાદી શિવરતન પાનમલ શેઠીયા (ઉ.વ. 59), હાલ ભરૂચના મલ્હાર ગ્રીનસિટી સોસાયટીમાં રહે છે અને બિરલા ગ્રાસીમ લીમીટેડમાંથી જનરલ મેનેજર પદેથી નિવૃત થયા છે. તારીખ 15મી ઓકટોબર 2025ના રોજ તેમના વ્હોટસ એપ નંબરને અજાણ્યા રીતે "Nirmal Bang Securities Private Limited" નામના ગ્રૂપમાં એડ કરવામાં આવ્યા બાદ સ્ટોક માર્કેટની ટીપ્સ આપવાનું શરૂ થયું. ત્યારબાદ 'દિવ્યા' નામે ઓળખ આપનાર મહિલાએ પોતાને એન.બી. સિક્યુરીટીઝ ઈન્સ્ટીટયુશનલ ટીમ અને પ્રોફેસર સુનિલ જૈનની આસીસ્ટન્ટ તરીકે રજૂ કરી વિશ્વાસ જીત્યો હતો. પ્રારંભે Zerodha એપ દ્વારા શેર ખરીદીમાં નુકસાન થયા બાદ તે નુકસાન ભરપાઈ કરાવી આપવાની વાત કરી, એન.બી. સિક્યુરીટીઝમાં એકાઉન્ટ ખોલાવવાની લાલચ આપી. https://m.nbtradepro.com જેવી નકલી વેબસાઇટ મારફતે આધાર, પાનકાર્ડ અને બેંક વિગતો મેળવી ડિમેટ અને ઈન્સ્ટીટયુશનલ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું. ત્યારબાદ એન.બી. ડિપોઝીટ સર્વિસીસ LG1963 ફાયનાન્સ અને એન.બી. સ્ટોક VIP 701 જેવા વ્હોટ્સએપ ગ્રૂપમાં એડ કરી વી.આઇ.પી. મેમ્બર બનવાના ફાયદા બતાવીને લાલચ આપી હતી. દરમિયાન ફરિયાદીએ તા. 10-11-2025થી 11-12-2025 સુધી તેમના અને તેમની પત્નીના HDFC બેંક એકાઉન્ટમાંથી બેંક ઓફ બરોડા, એક્સીસ બેંક અને ICICI બેંકમાં આવેલા કુલ 11 અલગ-અલગ એકાઉન્ટમાં રૂા. 1,18,00,000 RTGS/NEFT દ્વારા ટ્રાન્સફર કરાવાયા. એલ.એ. ટ્રેડર્સ, એન.બી. એન્ટરપ્રાઈઝ, ગોલ્ડન લીઝીંગ | ફાયનાન્સ લી., ગોકરાજુ એન્ટરપ્રાઈજીસ, શ્રી સાંઇ ટ્રેડીંગ અને શ્રીનીવાસા એન્ટરપ્રાઈઝ જેવા નામોનો ઉપયોગ થયો હતો. વિશ્વાસ જમાવવા માટે શરૂઆતમાં રૂા.99 અને રૂા.99,500 પરત આપીને ફ્રોડનો સિકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો હતો. આ પછી ઈન્સ્ટીટયુશનલ એકાઉન્ટમાં 509% જેટલો ખોટો પ્રોફિટ બતાવી કુલ રૂા.7 કરોડથી વધુ બેલેન્સ દર્શાવાયું. જ્યારે સમગ્ર રકમ વીડ્રોવલ કરવાની માંગણી કરવામાં આવી ત્યારે 'એકસાથે ઉપાડવી પડશે' તેમ કહી પ્રોફિટના 10% એટલે રૂા.60,19,521 એડવાન્સ ભરવાની ફરજ પાડવામાં આવી. આ સમયે શંકા જતા ફરિયાદીએ મુંબઈ સ્થિત નિર્મલ બેંગ સિક્યુરીટીઝ પ્રા.લી.ની ઓફિસની મુલાકાત લીધી, જ્યાં કંપનીના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે તેમના નામે નકલી વેબસાઇટ બનાવી સાયબર ગઠિયાઓ દેશભરમાં ફ્રોડ કરી રહ્યા છે. હકીકત સમજાતાં ફરિયાદીએ સાઈબર હેલ્પલાઈન અરજી કરીને ભરૂચ સાયબર પોલીસે અજાણ્યા વ્યક્તિઓ તેમજ અનેક વ્હોટસએપ નંબર સામે છેતરપિંડી અને IT એક્ટ સહીતનો ગુનો નોંધીને તપાસ હાથધરી છે.

વિજેતાઓ અને રનર્સ-અપને ટ્રોફી તથા પ્રમાણપત્રો અપાયાં

ITF 200 આંતરરાષ્ટ્રીય ટેનિસ ટુર્નામેન્ટનું ભવ્ય સમાપન સમારોહ

(પ્રતિનિધી) વડોદરા, તા.25

ITF 200 - International Tennis Federation Tournament નું સફળતાપૂર્વક સમાપન ગુરુવાર, 25 ડિસેમ્બર 2025ના રોજ વડોદરાના ગાયકવાડ ગોલ્ફ ક્લબના ટેનિસ કોર્ટ્સ ખાતે ભવ્ય સમાપન સમારોહ સાથે થયું. ટૂર્નામેન્ટ દરમ્યાન અનેક દિવસો સુધી રોમાંચક મુકાબલા, ઉચ્ચ ગુણવત્તાવાળી ટેનિસ રમતો અને ઉત્તમ ખેલભાવના જોવા મળી.

આ ટૂર્નામેન્ટમાં દેશભરમાંથી 300થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, તેમજ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બેલ્જિયમ જેવા દેશોના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની ભાગીદારીથી ITF 200 ટૂર્નામેન્ટ એક ખરેખર વૈશ્વિક અને અત્યંત સ્પર્ધાત્મક ઈવેન્ટ બની હતી.

સમાપન સમારોહમાં ગણમાન્ય મહેમાનો, રમતગમત અધિકારીઓ, ખેલાડીઓ અને ટેનિસ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ કેટેગરીના વિજેતાઓ અને રનર્સ-અપને ટ્રોફી તથા પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા, જેને ઉપસ્થિતોએ ઉત્સાહભેર વધાવ્યા.

આ પ્રસંગે ટૂર્નામેન્ટ આયોજક ડૉ. વિજય શાહે International Tennis Federation (ITF), અધિકારીઓ, પ્રાયોજકો, સ્વયંસેવકો અને સહાયક સ્ટાફનો આભાર વ્યક્ત કરી ટૂર્નામેન્ટને સફળ બનાવવા માટે તેમના સહકાર અને પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે તમામ વિજેતાઓ અને ભાગ લેનારા ખેલાડીઓને તેમની મહેનત અને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા.

ઇન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ દ્વારા આયોજન

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ મીટિંગમાં ગુજરાત ચેપ્ટરનું સફળ ઉદ્ઘાટન

ગુજરાતભરના વ્યાવસાયિક સમુદાયના સભ્યો ઉપરાંત ભારત, મોરિશિયસ અને અન્ય આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિક સમુદાયોના પ્રતિનિધિઓએ સક્રિય ભાગ લીધો

(પ્રતિનિધી) વડોદરા તા.25

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ICTC) દ્વારા ગુરુવાર, 25 ડિસેમ્બર 2025ના રોજ હયાત પ્લેસ, વડોદરામાં ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ મીટિંગ 2025નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક કોમનવેલ્થ દેશો વચ્ચે વેપાર, રોકાણ અને સંસ્થાગત સહકારને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ. આ બેઠકનો મુખ્ય આકર્ષણ ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ - ગુજરાત ચેપ્ટરનું ઔપચારિક ઉદ્ઘાટન હતું. આ મહત્વપૂર્ણ પહેલનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય વેપાર સંવાદમાં પ્રદેશ સ્તરે ભાગીદારી વધારવો અને કોમનવેલ્થ દેશો સાથે મજબૂત આર્થિક સંબંધો વિકસાવવાનો છે. કાર્યક્રમની શરૂઆત ICTC - ગુજરાતના માનદ અધ્યક્ષ શ્રી વિરલ ચૌધરીના સ્વાગત ભાષણથી થઈ. તેમણે કાઉન્સિલના દ્રષ્ટિકોણ અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું કે કાઉન્સિલ દ્વિપક્ષીય તથા બહુપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવા, સીમા પારના વ્યાવસાયિક સહયોગને સક્રિય કરવા તથા કોમનવેલ્થ બજારોમાં એમએસએમઈ (MSME) ક્ષેત્રના વિકાસને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે વૈશ્વિક વેપાર અને ઉદ્યોગસાહસિકતા માટે ગુજરાતની વ્યૂહાત્મક ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો. બેઠકમાં મુખ્ય અતિથિ તરીકે મોરિશિયસના ભારત માટેના પૂર્વ હાઇ કમિશનર મહામહિમ મૂખેશ્વર ચૂની ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના મુખ્ય ભાષણમાં ભારત અને મોરિશિયસ વચ્ચેના ઐતિહાસિક, કૂટનીતિક અને આર્થિક સંબંધોની વિશેષ ચર્ચા કરી. સાથે જ વેપાર, રોકાણ અને સંસ્થાગત સહકાર ક્ષેત્રે ઊભરતી નવી તકો પર પ્રકાશ પાડી, કોમનવેલ્થ માળખામાં મોરિશિયસ ભારતનો મહત્વપૂર્ણ ભાગીદાર હોવાની પુષ્ટિ કરી. ભારત અને મોરિશિયસ વચ્ચે એમએસએમઈ સહકાર પર યોજાયેલા વિશેષ સત્રમાં મોરિશિયસ બિઝનેસ એન્ટ્રપ્રેન્યોર્સ એસોસિએશનના સચિવ શ્રી સંજીવ મુલ્લૂએ સંબોધન કર્યું. તેમણે ઉદ્યોગસાહસિકતા આધારિત વિકાસ, ક્ષેત્રવાર સહયોગ તથ